# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/POSCO/૨૦૧૮

તા.૧૩/૧૨/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી

માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક-તમામ

ભાવનગર

વિષય : નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અન્વયે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં POSCO એક્ટ અને તેની શિક્ષાની જોગવાઇઓ સંદર્ભે જાગૃતિ લાવવા બાબત

સંદર્ભ : ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ પત્રાંક ઉમમશબ/સંશોધન/૨૦૧૮/૫૧૦૫-૫૧૩૮, તા.૦૫/૧૧/૨૦૧૮

જય ભારત સાથે ઉપરોક્ત વિષય સંદર્ભે નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના અમલવારી સારુ:
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner

પરિપત્ર

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/ ૫૧૦૫ - ૫૧૩૮
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર -૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૫/૧૧/૨૦૧૮

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અન્વયે શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં POCSO એક્ટ અને તેની શિક્ષાની જોગવાઇઓ સંદર્ભે જાગૃતિ લાવવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રક્રમાંક:-મશબ/૧૧૧૮/૧૩૬૭/છ, તા.૧૫/૦૯/૨૦૧૮ અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા CRA NO. 1153/2017 WITH CRA NO. 394/2018 નો તા.13-06-2018 ના રોજ આપવામાં આવેલ ચુકાદા મુજબ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં POCSO એક્ટ અને તેની શિક્ષાની જોગવાઇઓ સંદર્ભે જાગૃતિ લાવવા માટે આપની કક્ષાએથી બહોળી પ્રસિદ્ધિ મળે તે પ્રમાણેની કાર્યવાહી કરવા વિનંતી છે. ઉક્ત ચુકાદાની મુખ્ય વિગતો આ સાથે સામેલ છે જે આપના તાબા હેઠળની તમામ શાળાઓને જરૂરી કાર્યવાહી માટે મોકલી આપવા વિનંતી છે.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

બિડાણ: ઉપર મુજબ

નકલ રવાના -:

- સેક્શન અધિકારીશ્રી, છ શાખા, શિક્ષણ સચિવાલય, ગાંધીનગર.

# નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા POCSO એક્ટ અંગે ચુકાદો

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા CRA NO. 1153/2017 WITH CRA NO. 394/2018 નો તા.13-06-2018 ના રોજ નિકાલ કરવામાં આવ્યો. આ ચુકાદો POCSO એક્ટના એક ગુન્હા માટે આપ્યો હતો. આ ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે કેટલીક બાબતોનો દિશા નિર્દેશ કર્યો છે. આ ચુકાદા અનુસાર કોઈપણ લિંગભેદ વિના બાળકોને સલામતી અને ગૌરવ પ્રદાન થવા જોઈએ. તે માટેનું એક વાતાવણ ઉભું થવું જોઈએ. બાળક, વાલી, સંલગ્ન અધિકારીઓ અને સમગ્ર સમાજમાં આ માટે જાગૃતિ આવવી જોઈએ. આ ચુકાદા મુજબ-

- નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોને ટાંકીને નામદાર ગુજરાત હાઈકોર્ટ નોંધ્યું છે કે બાળકો પર જાતીય અત્યાચારો અને ગુન્હાઓ વધી રહ્યા છે.

**3. The data collected by the National Crime Records Bureau shows that there has been increased in cases of sexual offences against children. This is corroborated by the 'Study on Child Abuse: India 2007' conducted by the Ministry of Women and Child Development. Moreover, sexual offences against children are not adequately addressed by the existing laws. A large number of such offences and neither specifically provided for nor are they adequately penalised. The interest of the child, both as a victim as well as witness need to be protected. It is felt that offences against children need to be defined explicitly and countered through commensurate penalties as an effective deterrence.**

- બંધારણના આર્ટીકલ 15 અને 39 ને ટાંકીને બાળકોની સલામતી અને વિકાસ માટે ગૌરવયુક્ત અને મુક્ત વાતાવરણની ખાસ જોગવાઈની આવશ્યકતા દર્શાવી છે.

**1. Article 15 of the Constitution, inter alia confers upon the State powers to make special provision for children. Further, article 39, inter alia, provides that the State shall in particular direct its policy towards securing that the tender age of children are not abused and their childhood and youth are protected against exploitation and they are given facilities to develop in a healthy manner and in conditions of freedom and dignity.**

- યુનાઈટેડ નેશન્સ કન્વેશન ઓન રાઈટ્સ ઓફ ચિલ્ડ્રનને ટાંકીને નામદાર ગુજરાત હાઈકોર્ટ બાળકો સાથેના જાતીય દુર્વ્યવહાર માટે લાલ બત્તી બતાવી છે.

**2. The United Nations Convention on the Rights of Children, ratified by India on 11th December, 1992, requires the State Parties to udertake all the appropriate national, bilateral and multilateral measures to prevent**

**(a) the inducement or coercion of a child to engage in any unlawful sexual activity (b) the exploitative use of children in prostitution or other unlawful sexual practices; and (c) the exploitative use of children in pornographic performances and materials.**

- POCSO એક્ટના સેક્શન 43 અનુસાર આ એક્ટની જોગવાઈઓ અને સજાઓથી સમાજના તમામ સંલગ્ન અંગોને વાકેફ કરવા. અન્યથા આવા કાયદા પુસ્તકોમાં જ રહેશે અને તેના યોગ્ય લાભ મળી શકે નહિ.

**The provisions of the act would remain within books if the public do not know about such features of the POSCO Act and therefore, the responsibility has been entrusted on Central Government and every State Government to raise Public awareness about the provisions of the POSCO Act.**

- POCSO એક્ટ અંગે તમામ લોકો માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ નોંધ્યું છે કે તેના બેવડા ફાયદા થશે. એક રીઢા ગુનેગારોને માલુમ પડશે કે POCSO એક્ટ હેઠળ આવા ગુન્હા માટે કેવા પ્રકારની સજા અને દંડ ભોગવવાનો વારો આવશે. અને નાદાન કિશોરોને એ માહિતી મળશે કે એકબીજાની સહમતિ હોય તો પણ POCSO એક્ટ હેઠળ કડક સજાની જોગવાઈ છે.
- નામદાર ગુજરાત હાઈકોર્ટ એવા નાદાન યુવાનો માટે ચિંતા વ્યક્ત કરી છે જે નાની ઉંમરે ગુન્હો કરે, 10 વર્ષની સજા ભોગવે અને પછી બહાર આવે ત્યારે તેને ત્યાર પછી જીવનની ભયાનકતા ધ્યાને આવે છે.
- લોકોને એક્ટ, ગુન્હા અને તેના પરિણામોની માહિતી હોય તો ગુન્હાનું પ્રમાણ ઘટે છે.
- કાયદાની અજ્ઞાનતા એ બચાવ નથી.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને આપને જણાવવામાં આવે છે કે આપની શાળાના એક શિક્ષકશ્રીને બાળકોની સલામતી અંગે નોડલ નીમવામાં આવે. તે શિક્ષકશ્રી POCSO, IPC કલમ 375 અને 376 નો અભ્યાસ કરી અને અન્ય શિક્ષકો, તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ કાયદાની જોગવાઈઓ અને સજાઓ અંગે વાકેફ કરે તેવી વ્યવસ્થા કરવી. આ માટે સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરીને સંયુક્ત રીતે પણ કાર્યક્રમ કરી શકાય.

આ અંગે શાળા કક્ષાએ કોર્ટરૂમ ડ્રામા, નાટક, રોલ પ્લે, POCSO તથા IPC કલમ 375 અને 376 માટે કાયદાના નિષ્ણાંતનું વક્તવ્ય, ક્વીઝ જેવા કાર્યક્રમો કરવાના રહેશે.

---